સંદેશ



ઈ ફ્રેર ઇન્શ્યોરન્સ

# વીમો લેતી વખતે દરેક પાસામાં ચોકસાઈ રાખવી જરૂરી

● રાકેશ જૈન

મહામારીએ સહુને હેલ્થ ઈન્શ્યોરન્સનું મહત્ત્વ સમજાવી દીધું છે. જોકે તેમ છતાં હેલ્થ ઈન્શ્યોરન્સને લઈને વ્યાપક સમજનો અભાવ જોવા મળે છે. જેઓ હેલ્થ ઈન્શ્યોરન્સ સાથે વર્ષોથી જોડાયેલા છે તેઓ પણ તેને લગતી ઘણી બાબતોથી અજાણ જોવા મળે છે. જેને કારણે પ્રાપ્ય વિકલ્પો જેવાકે ટોપ-અપ્સ વગેરેનો પૂરતો લાભ લઈ શકતા નથી. હેલ્થ ઈન્શ્યોરન્સ સંબંધી સામાન્ય પણ મહત્ત્વના સૂચનો અહીં આપ્યાં છે. પરિવારની સલામતી માટે આરોગ્ય વીમા પૉલિસી લેવી એ યોગ્ય દિશામાં લેવાયેલું એક સમજદાર પગલું છે. જો કે, તમારે એની સાવચેતી પણ રાખવી પડે કે તમારી પોલિસી તમને સતત કવરેજ આપતી રહે અને માન્ય રહે તે માટે, તમારે પોલિસીની સમાપ્તિ પહેલાં તેને ફરી રિન્યૂ કરવાની જરૂર છે. મોટાભાગની વીમા કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ઓનલાઈન સુવિધાથી નવીકરણની સમગ્ર પ્રક્રિયા ઝડપી અને અનુકૂળ બની ગઈ છે. તમારા આરોગ્ય વીમાને નવીનીકરણ કરતી વખતે ધ્યાનમાં લેવા જેવી બાબતો અહીં જણાવી છે.

## પોલિસીનું સમયસર રિન્યૂઅલ

હાલની પોલિસીની સમાપ્તિ પહેલા પોલિસી તાજી કરાવી લો. કોઈપણ સંજોગોમાં જો તમે તેને ચૂકી ગયા હો, તો કૃપા કરીને યાદ રાખો કે સામાન્ય રીતે ૩૦-દિવસનો છૂટનો સમયગાળો હોય છે તેમાં જો તમે પોલિસીને તાજી કરાવો છો તો તમે તમારો સાતત્ય લાભ ગુમાવતા નથી. જો કે, આ સમયગાળામાં, જે પોલિસીની અંતિમ તારીખથી નવીનીકરણની તારીખનો ગાળો છે, તમે અને તમારો પરિવાર વીમા સુરક્ષાની બહાર રહેશે. હાલની પોલિસી રદ થાય તે ખાસ કરીને પહેલેથી અસ્તિત્વમાં રહેલી તબીબી પરિસ્થિતિઓ ધરાવતા લોકો માટે જોખમી છે. જો કે. વીમા કંપનીઓ નિયત તારીખના રિન્યુઅલ રિમાઈન્ડર્સ મોકલે છે, તેમ છતાં પોલિસી ધારકની ફરજ છે કે તે પોલિસી નિયત તારીખ પહેલાં તાજી કરવામાં




આવે તેની કાળજી લે.

## વીમાની રકમ વધારવાનો વિકલ્પ

દર વર્ષે તબીબી ખર્ચ વધે છે, તેમ તમે હંમેશાં તમારી પોલિસી તાજી કરાવતા પહેલાં તમને જરૂરી વીમાની રકમનું મૂલ્યાંકન કરી શકો છો. અને જો જરૂરી હોય તો, તમે પોલિસીને તાજી કરાવતી વખતે વીમાની રકમ વધારી શકો છો. આ ઉપરાંત, તમે તમારી બેઝ પોલિસી સાથે ટોપ-અપ અથવા સુપર ટોપ-અપ પ્લાન ઉમેરીને કવરેજને વધારી પણ શકો છો.

## કુટુંબના સભ્યનો ઉમેરો

નવીનીકરણ સમયે તમારી હાલની પોલિસીમાં કુટુંબના નવા સભ્યને ઉમેરવાનો વિકલ્પ છે. જો તમે તમારા માતા-પિતા, જીવનસાથી અથવા બાળકોને આરોગ્ય વીમા સુરક્ષા હેઠળ ઉમેરવા માંગતા હો, તો તમે તેને વ્યક્તિગત રૂપે તાજી કરાવતા પહેલાં હંમેશાં તેને પસંદ કરી શકો છો.

## પોર્ટેબિલિટીનો વિકલ્પ ધ્યાન રાખો

જો તમે તમારા વર્તમાન વીમાદાતાની સેવાઓથી સંતુષ્ટ ન હોવ અથવા તમારી પોલિસીમાં વધુ સુવિધાઓ વિશે વિચારતા હોવ પરંતુ હાલની પોલિસીમાં તે ઉપલબ્ધ નથી, તો તમે કોઈપણ સામાન્ય વીમા અથવા આરોગ્ય વીમા કંપની સાથે નવીનીકરણ સમયે તમારી આરોગ્ય વીમા પૉલિસીને અગાઉ મેળવેલા કોઈપણ લાભો ગુમાવ્યા વિના હંમેશાં પોર્ટ કરી શકો છો. તમે જેની પાસેથી પોલિસી ખરીદવા ઈચ્છો છો તેનો પોલિસીની સમાપ્તિના ઓછામાં ઓછા ૪૫ દિવસ પહેલાં ફક્ત સંપર્ક કરવાની જરૂર છે, પરંતુ ૯૦ દિવસથી વધુ નહીં થવા જોઈએ.

## મોબાઇલ એપ્લિકેશનની સરળતા

મોબાઈલ એપ્લિકેશનોએ વીમાના દાવાની પ્રક્રિયાઓ અને પતાવટોમાં સરળતા, ઝડપ અને પારદર્શિતા આણી છે. તેથી, દાવાની ઝડપી અને પારદર્શક પતાવટ માટે તમારા વર્તમાન વીમાદાતા પાસે વપરાશકર્તા માટેની મૈત્રીપૂર્ણ એપ્લિકેશન છે કે કેમ તે તપાસવું ડહાપણભર્યું રહેશે. ક્લિક કરીને દાવાની જાણકારી માટે ડોક્યુમેન્ટ્સ ડાઉનલોડ કરો, રિઅલ-ટાઈમ ક્લેમ સ્ટેટસ ટ્રૅકિંગ, પૉલિસી-સંબંધિત તમામ માહિતી ઉપલબ્ધ થવી અને તમારી હાલની પૉલિસીનું એક-ક્લિકમાં રિન્યુઅલ એ મહત્ત્વપૂર્ણ સુવિધાઓ છે જે એપમાં હોવી જોઈએ.

સીઈઓ, રિલાયન્સ જનરલ ઇન્શ્યોરન્સ